Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૪૨
તા.૦૮-૧૦-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૫ સૂર્યાસ્ત : ૦૬:૨૧

તાપમાન			
ડીસા	૩૯.૬	વડોદરા	૩૮.૦
અમદાવાદ	૩૮.૫	સુરત	૩૮.૪
ગાંધીનગર	૩૮.૦	નલિયા	૩૯.૦

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

પલ્લવ કલેક્શન
સાડી શો-રૂમ
જેન્સવેરમાં તદ્દન નવો સ્ટોક વિશાળ શ્રેણી અવનવા જીન્સ - ટીશર્ટ - શર્ટ
★ જેન્ટસ વેર ★ લેડીઝ વેર
★ ચિલ્ડ્રન વેર ★ કટલરી શો-રૂમ
દિવાળી સુધી જેન્સવેરમાં 30% ડીસ્કાઉન્ટ
ડાહ્યાલાલ ચોથાજી માળી
ડાહ્યાલાલ સી.ગેલોત 9925389315
મુકેશ ડી. ગેલોત 9228262151
યોગેશ ડી. ગેલોત 9099767681
સ્થળ : ચંદ્રલોક રોડ, પુનમ પ્લાયવુડની સામે, ડીસા

‘વિકાસ’ જ ગુજરાતનું ભવિષ્ય બદલશે : મોદી

એક મહિનાના ખુબ ટુકા ગાળામાં વડાપ્રધાન મોદીની ત્રીજી ગુજરાત યાત્રાને લઈને ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ : કેટલાક ભૂમિપુજન-લોકાર્પણ કાર્યક્રમ : દ્વારકાના આંગણેથી ૩૯૩૨ કરોડના ત્રણ પ્રોજેક્ટનુ ભૂમિપુજન સંપન્ન કરાયુ દેવભૂમિ દ્વારકા ખાતે દેશની પ્રથમ મરીન પોલીસ રિસર્ચ સંસ્થાની જાહેરાત : મોદીના ભરચક કાર્યક્રમને લઈને મજબુત સુરક્ષા

ચોટીલા

મોદી આજે સવારે જામનગર એરપોર્ટ પહોંચ્યા હતા, જ્યાં તેમનું સ્વાગત મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયમ મુખ્યમંત્રી નીતિન પટેલે કર્યું હતું. જામનગરમાં ટૂંકુ રોકાણ કર્યા બાદ મોદી દ્વારકા જવા રવાના થયા હતા. જ્યાં તેમણે દ્વારકાધીશના દર્શન કર્યા અને મંદિરમાં પૂજા કરી હતી ત્યારબાદ તેઓએ ઓખા-બેટ દ્વારકા વચ્ચેના સિગ્નેચર બ્રિજનું ખાતમૂહૂર્ત કર્યું હતું. અહીં પબુભા માણેકે મોદીને ઓખાઈ પાઘડી પહેરાવી સ્વાગત કર્યું. મોદી સાથે કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને આનંદીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બીજી બાજુ ગુજરાતના પહેલા ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું ખાતમુહૂર્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. દ્વારકામાં દેશની પહેલી મરિન ઈન્સ્ટિટ્યૂટ બનાવવાની જાહેરાત કરતા તેમણે જણાવ્યું કે દ્વારકા દેશને શ્રેષ્ઠ મરિન પોલીસ જવાનો આપશે. ઉપરાંત તેમણે માછીમારો માટે પણ ખાસ યોજનાની જાહેરાત કરી હતી. સમુદ્રમાં રહેલી દ્વારકા નગરીને લોકો નિહાળી શકે એ માટે પણ કેન્દ્ર સરકાર કામ કરી રહી હોવાનું મોદીએ જણાવ્યું હતું.

આજે મેં દ્વારકાનો મૂડ જ કંઈક ઓર જોયો, ચારે તરફ ઉત્સાહ ઉમંગ, નવી ચેતના હું દ્વારકામાં અનુભવી રહ્યો છે. હું દ્વારકાવાસીઓનો હૃદયથી અભિનંદન કરું છું. આજે દ્વારકા નગરીમાં જે કામનો આરંભ થઈ રહ્યો છે, તે માત્ર બેટ દ્વારકા પહોંચવા માટેનો બ્રિજ નથી, ઈંટ-પથ્થર લોંખડથી બનનારી સ્ટ્રક્ચરલ વ્યવસ્થા નથી. આ બ્રિજ દ્વારકાની સંસ્કૃતિ સાથે જોડવાની કડી સ્વરૂપ છે. બેટના લોકોને પાણીના માર્ગથી આવવું જવું પડતું, મજબૂરીમાં જિંદગી વિતાવવી પડતી, કોઈ બીમાર થઈ જાય અને તેને હોસ્પિટલે લઈ જવું પડે અને રાત્રીનો સમય હોય ત્યારે કેવી કઠણાઈ પડતી તે દ્વારકાવાસી જાણે છે.

જ્યારે માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી હતા ત્યારે સમાચારપત્રોમાં એક તસવીર છપાતી હતી. જામનગરમા પાણીની ટાંકીનું ઉદ્ઘાટન કરવા માધવસિંહ સોલંકી આવ્યા. એ સમયની સરકારની વિકાસ અંગેની કલ્પ્રા કેટલી સંકુચિત હતી. આજે અમે વિશાળ બ્રિજના ખાત મુહૂર્ત માટે અહીં છીએ, વિકાસ અંગેની અમારી કલ્પ્રા વિશાળ છે અને વિકાસને એ દિશામાં લઈ જવો જોઈએ. આજે બદલાયેલા વિશ્વમાં વિકાસને નવી ઉંચાઈએ લઈ જવાનું અને ભારતને નવી ઉંચાઈએ લઈ જવાનું સ્વપ્ન આખા ભારતનું છું. તેને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યો છું.

અમે પોર્ટ અને પોર્ટ લેડ ડેવલોપમેન્ટ ઈચ્છીએ છીએ. નીતિન ગડકરી જણાવી રહ્યાં હતા કે બ્લૂ ઈકોનોમી એક એવું ક્ષેત્ર છે જે ભારતના વિકાસને આગળ લઈ જવામાં મદદરૂપ થશે. આ ઈકોનોમીથી સમુદ્રી સંપદા થકી ગુજરાત અને દેશની આર્થિક વ્યવસ્થાને મોટી શક્તિ અને સામર્થ આપી શકે છે.

આજે મોદી માદરે વતન વડનગરમાં

વડનગર

ગુજરાત મુલાકાતના બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે માદરે વતન-વડનગર જશે. જ્યાંથી તેમના તમામ કાર્યક્રમની શરૂઆત કરશે. તેમની વડનગરની યાત્રાને લઈને પણ જોરદાર તૈયારી કરવામાં આવી છે. તેમના માદરે વતનમાં લોકોમાં ભારે ઉત્સાહ છે. નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા પછી સૌ પ્રથમ વાર પોતાની માતૃભૂમિ-વતનમાં પગ મૂકી રહ્યા છે. જીએમઈઆરએસ મેડીકલ કોલેજનું લોકાર્પણ કરશે. વડનગરથી જ તેઓ હિંમતનગરની હોસ્પિટલ પણ રાષ્ટ્રને અર્પણ કરશે. તેઓ આ પ્રસંગે મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત સઘન રસીકરણ અભિયાનનો પણ શુભારંભ કરાવશે.

જોઈએ છે
બનાસકાંઠામાં ગુજરાતની જાણીતી ‘ચા’ ની કંપની માટે સ્ટાફ જોઈએ છે
સેલ્સમેન - જગ્યા - ૧
(‘ચા’ વેચાણના અનુભવીને પ્રથમ પસંદગી)
ડ્રાયવર જગ્યા - ૧
(સમગ્ર બનાસકાંઠામાં માલ ડીલેવરી માટે)
-: રૂબરૂ મળો :-
રોજુટ ટ્રેડીંગ એન્ડ ઈન્ડ્રસ્ટીઝ લી.
બ્રાહ્ય સ્કૂલ સામે, રીસાલા બજાર, ડીસા
મો. ૭૫૭૪૦ ૬૪૮૨૨, ફોન - સવારે ૧૦-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી

બેસણું

સ્વ.વિહાજી હેમરાજજી ઠાકોર

સ્વ.હંસાબેન પીરાજી ઠાકોર

સ્વ.ચીહુબેન ભીખાજી ઠાકોર

સ્વ.તા.૦૫-૧૦-૨૦૧૭, ગુરૂવાર

અમારા સ્નેહીશ્રી વિહાજી હેમરાજજી ઠાકોર અને હંસાબેન પીરાજી ઠાકોર તથા ચીહુબેન ભીખાજી ઠાકોરનું દુ:ખદ અવસાન તા.૦૫-૧૦-૨૦૧૭ ને ગુરૂવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ, સદ્દગતનું બેસણું તા.૦૯-૧૦-૨૦૧૭ ને સોમવારના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : મું.વાહરા, તા.ડીસા, જિ.બ.કાં.
મો.૯૪૨૭૩૬૩૮૨૬ (પાબતજી)

હિરાજી વિહાજી ઠાકોર (પુત્ર)	લિ. અમરતજી દેવચંદજી ઠાકોર
પીરાજી વિહાજી ઠાકોર (પુત્ર)	શાન્તિજી પચુજી ઠાકોર
ચંદનજી વિહાજી ઠાકોર (પુત્ર)	બાબુજી સુરાજી ઠાકોર
પારજીજી નાગજીજી ઠાકોર (ભત્રીજા)	પ્રધાનજી મસરૂજી ઠાકોર
	ભીખાજી રૂગનાથજી ઠાકોર

(સમસ્ત માલોતરીયા પરિવાર)

અભિનંદન
નરેન્દ્રભાઇ મોદી
વડાપ્રધાન, ભારત
વિજયભાઇ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત
શંકરભાઇ ચૌધરી
આરોગ્યમંત્રી, રાજ્ય સરકાર
ગજેન્દ્રસિંહજી ચૌહાણ
ઉમદા ભારતના સ્વપ્નદ્રષ્ટા પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ, ગુજરાતના લોકપ્રિય મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ રાજ્ય સરકારના આરોગ્યમંત્રી અને વાવ વિસ્તારના ધારાસભ્ય અને લોકસેવક શંકરભાઇ ચૌધરી સાહેબના ભગીરથ પ્રયત્નોથી આ વિસ્તારના સુકાભઠ એવા રણ વિસ્તારમાં નર્મદાનીરનું આગમન થતાં માલધારી સમાજ તથા કરોડો હિન્દુઓના આસ્થાના પ્રતિક સમાન દેશી તથા કાંકરેજી ગાયોને બનાસડેરીના માધ્યમથી પ્લાન્ટનું આયોજન જ્યારે આ પ્લાન્ટ કાર્યરત થશે ત્યારે રઝળતી, રખડતી ગૌવંશોનું યોગ્ય જતન થશે. આ પુણ્યશાળી કાર્યનું ડાયરેકટલી ઇનડાયરેકટલી લાભ દરેક સમાજને મળશે. આ વિસ્તારમાં આધુનિક હોસ્પિટલોનું નિર્માણ તેમજ શૈક્ષણિક સંકુલોનું ભવ્ય નિર્માણ, આ વિસ્તારના યુવાધન માટે આઇ.ટી.આઇ કોલેજની ભેટ જેના કારણે આ વિસ્તારમાં સ્કીલ્ડમેન પાવર ઉપલબ્ધ થયેલ છે. જેનો લાભ હવે પછી તૈયાર થનારા રાધાનેસડા તથા હરસડ સોલાર પ્લાન્ટ થકી આ વિસ્તારમાં રોજગારની તકોનું નવ સર્જન થશે, નડાબેટ બોર્ડર ટુરીઝમથી પણ આ વિસ્તારમાં રોજગારીની તકોનું નિર્માણ થશે. જેના કારણે આ વિસ્તારની ખમીરવંતી કદરદાન જનતા જનાર્દન કાયમી તેમની આભારી રહેશે. વ્યક્તિગત કરતા સાર્વજનિક કામોને મહત્વ આપનાર આ તમામ મહાનુભાવોની આવરદામાં સુખસંપતિ સતામાં ઉત્તરોત્તર વધારો થાય તેવી જગત જનની જગદંબા આશા આ શાપુરમાને પ્રાર્થના સહ હૃદયપૂર્વક આપને અભિનંદન પાઠવીએ છીએ.
લિ.
સ્વ.ચેલસિંહજી રામતસિંહજી ચૌહાણ પરિવાર (ચુવા)
સ્વ.ચેલસિંહજી રામતસિંહજી ચૌહાણ ચેરીટી કમીટી (ચુવા)
ચૌહાણ મહેન્દ્રસિંહજી ચેલસિંહજી
ચૌહાણ રણજીતસિંહજી ચેલસિંહજી

મા શક્તિ જ્યોતિષ (પાલનપુર)
૭૨ કલાકમાં તાબડતોબ નિકાલ, ધારેલી વ્યક્તિનું મિલન, પ્રેમીપંખીડા, મહામોહીની, વશીકરણ, છુટાછેડા, લવપ્રોબ્લેમ
ગઠામણ દરવાજા,પાલનપુર
મો.૯૭૨૬૪૭૧૨૯૦

નકલ કરીને ફુવારા બનાવનાર અને નકલી ફુવારા વેચનાર ઠગો થી સાવધાન!
ઓરિજનલ અને અસલી ૫૦૨૨ એસડી ફુવારા ના જનક તો જૈન ઈરિગેશન જ છે.
આપના પાકની ગુણવત્તા અને વધુ ઉત્પાદકતાનો આધાર ઉચ્ચ ગુણવત્તા ધરાવતા જૈન ફુવારા પર છે.
જૈન ફુવારા વસાવો વધુ નફો મેળવો ...
આગામી સમયને અનુલક્ષીને જૈન ફુવારાની ગોઠવણી કરવા તથા બટાટાની સિઝનનું સફળ ઉત્પાદન લેવા માટે વહેલા તે પહેલાના ધોરણે આજે જ જીજીઆરસી ની યોજના અંતર્ગત અરજી કરી ઝડપી સબસીડી મેળવો.
અસલી જૈન ફુવારાની ઓળખ માટે આ હોલોગ્રામ જોઈને ખરીદો
૫૦૨૨ એસ.ડી.
એકમાત્ર ઓરીજીનલ પેટન્ટેડ પ્રોડક્ટ
૫૦૨૨ એસ.ડી. હાફ સર્કલ
ખેડૂત મિત્રો તમે પણ ગર્વથી કહો, અમે અસલી ફુવારા એટલે કે જૈન ફુવારાના માલિક છીએ !
ખેડૂતોના હિતમાં પ્રકાશિત
જૈન ઇરિગેશન સિસ્ટમ્સ લિ.
Acurain
ગુજરાત સરકારની સબસીડી ઉપલબ્ધ
ડીસા: દુકાન નં ૧૨૨ થી ૧૨૬, પહેલા માળે, કિસાન મોલ, આખોલ ચાર રસ્તા, ધાનેરા હાઇવે, ડીસા, જિ. બનાસકાંઠા - ૩૮૫૫૩૫, ફોન: ૦૨૭૪૪-૨૭૧૦૨૨ મો. ૦૯૪૨૬૫૫૧૧૪૦૪/ ૦૯૪૨૬૯૮૬૧૩૭૧, ઇમેઇલ: jaindeesa@jains.com. વડોદરા: ટોલ ફ્રી: ૧૮૦૦૨૩૩૨૬૭૪, અમદાવાદ: ૯૪૦૯૩૦૬૮૩૬, હિંમતનગર: ૯૪૨૭૧૧૮૯૮૩, રાજકોટ: ૯૪૨૬૫૫૧૧૪૦૧, ભુજ: ૯૪૨૬૯૬૬૩૦૪ અંકલેશ્વર: ૯૪૨૮૮૨૦૪૦૧

MAS FINANCIAL SERVICES LTD.
EXCELLENCE THROUGH ENDEAVOURS
The Power of Distribution
માસ દિવાળી, ઓફરોની આતશબાજી
પ્રિ-ઓન કાર લોન
USED કોમર્શિયલ વ્હીકલ લોન
પર્સનલ લોન 3 લાખ સુધી માત્ર 3 દિવસમાં
મશીનરી લોન
પ્રોપર્ટી સામે લોન (LAP)
બિઝનસ લોન
ટુ-વ્હીલર લોન માત્ર ૬.૯૯% ના વ્યાજ દરે
*શરતો લાગુ
આકર્ષક વ્યાજદર | ઝડપી પ્રોસેસિંગ | આસાન શરતો
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ | "જે સમજે આપના અમૂલ્ય સ્વપનાનું મુલ્ય" | વધુ માહીતી માટે મિસ્ડ કોલ કરો 079-3982 7711

સૂર્યોદય - ૬.૩૫ સૂર્યાસ્ત - ૬.૨૧

તિથિદર્શન

આસો વદ-૩ રવિવાર ૨૦૭૩



વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ :ત્રીજ રવિવાર નક્ષત્રઃ ભરણી સાંજે ૫.૫૭ પછી કૃતીકા યોગ :વજ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) રાત્રે ૯.૧૯ પછી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

વિષં સંક્રમણં રાત્રૌ
વિષં રાજ્ઞો અનુકૂલતા
વિષં સ્ત્રીઓ અપ્યન્ય
હૃદો વિષં વ્યાધિ રવીક્ષિત :

'રાત્રે ખૂબ રખડવું એ વિષ તુલ્ય છે, રાજાની વધારે પડતી મહેરબાની- કૃપા પણ વિષ તુલ્ય છે. બીજાની પ્રત્યે હૃદય દાખવતી- બીજાને પ્રેમ કરતી પત્ની પણ વિષ તુલ્ય છે અને ઉપેક્ષા કરાયેલો રોગ પણ વિષ તુલ્ય છે.' જીવનમાં 'નિયમિતતા'નું મોટું મહત્વ છે. પરોઢિયે ચાર વાગ્યે વાતાવરણમાં જે શુદ્ધ વાયુઓ હોય તેના શ્વાસોચ્છવાસથી જ શરીરને પ્રફુલ્લિતપણું અને નવું જોમ મળે છે. વહેલા ઊઠવા માટે વહેલા સૂઈ જવાની મોટી ફરજ છે. મોડે સુધી રખડનારની પાચનશક્તિ નબળી પડી જાય છે. પેટ બધા જ રોગોનું મૂળ કારણ છે. રાજાની અતિશય મહેરબાની પાછળ ઘણાં કારણ અને રહસ્યો હોય છે. આથી રાજા-શેઠ- માલિક- અધિકારી વધારે પડતું સૌજન્ય- કૃપા દર્શાવે ત્યારે સાવચેત થઈ જવું. સ્ત્રી- પત્ની જ્યારે પતિપ્રેમ ચૂકી બેવફા થઈ જાય ત્યારે એ વિચાર- પ્રેમ- લાગણીમાં અંધ થઈ જાય છે, પછી પતિ એના માર્ગમાં 'કાંટા' જેવો લાગે. રોગને શરૂઆતથી જ ડામી દેવો જોઈએ. જો તેની ઉપેક્ષા કરીએ તો શરીરનાં બીજાં અંગો સુધી પ્રસરીને તેને પણ નુકસાન પહોંચાડે છે. રોગની ઉપેક્ષા એ વિષ તુલ્ય છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) મનની મુરાદ બર ન આવે. જીવનસાથી અંગે ચિંતા રહે.
વૃષભ : (બ.વ.ઉ.)સામાજિક કાર્યમાં સફળતા રહે. આર્થિક પ્રશ્નોનો ઉકેલ મળે.
મિથુન : (ક.છ.ઘ.) ગૃહવિવાદ થાય. શેર-સટ્ટા, જામીનગીરી જેવા કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
કર્ક : (ડ.હ.) મનની મૂંઝવણ દૂર થાય. ભાઇ-બહેનથી લાભ મળે.
સિંહ : (મ.ટ.) કાર્યબોજ હળવો બને. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.
કન્યા : (પ.ઠ.ણ.) વાદ-વિવાદના ભોગ ન બનવું પડે તેની તકેદારી રાખવી. પ્રવાસ થાય.
તુલા : (ર.ત.) મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડીના ભોગ બનવું પડે.
વૃશ્ચિક :(ન.ય.) આનંદ-ઉત્સાહમાં વધારો થાય. નવિન આર્થિક આયોજનમાં સફળતા મળે..
ધન : (ભ.ફ.ધ.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મકર : (ખ.જ.) ધાર્યુ કાર્ય થાય નહિં. માનસિક બોધરેશનમાં વધારો થાય.
કુંભ : (ગ.શ.સ.) ગૃહજીવનમાં આનંદ. પ્રવસા-મુસાફરી-પર્યટનથી લાભ.
મીન : (દ.ચ.જ.થ.) મૂંઝવણમાંથી માર્ગ મળે. કાર્યભારમાં હળવાશ અનુભવાય.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

હિન્દીભાષાના સમર્થ નવલકથાકાર, માનવ સ્વભાના ઉંડા અભ્યાસી અને મર્મજ્ઞ મુનશી પ્રેમચંદજીની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૩૧-૭-૧૮૮૦ ના રોજ બનારસથી લગભગ છ કિ.મી. દૂર તમદી નામના ગામડામાં થયો હતો. એમનું મૂળ નામ ધનપતરાય હતું તેમણે સાહિત્યિક ૈપનામ શરૂઆતમાં નવાબદરાય અને પાછળથી પ્રેમચંદ રાખ્યુ હતું.

અમેને અનેક નવલકથાઓ જીવનચરિત્રો લખેલા છે.

આ મહાન સર્જકનું તા. ૮-૧૦-૧૯૩૬ ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

પાલનપુરમાં ધાડના ઈરાદે ગેસ્ટ હાઉસમાં રોકાયેલ ટોળકી પકડાઈ

સંજય જોષી

પાલનપુર

પાલનપુર પોલીસે લૂંટ અને ધાડના ઈરાદે ગેસ્ટ હાઉસમાં બીન અધિકૃત રીતે રોકાયેલ ટોળકીને ઝડપી પાડી હતી. જોકે એક આરોપી મળી આવ્યો ન હતો. પોલીસે તમામની ધરપકડ કરી રીમાન્ડ ઉપર લેવાની તજવીજ હાથ ધરી હતી.

ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમનને લઈ પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ત્યારે પાલનપુરમાં પેટ્રોલિંગ કરતી પોલીસને હાઈવે પુલ પાસે આવેલ રાજાજી ગેસ્ટ હાઉસમાં વારાહી બાજુની જત (મલકે) ટોળકી મોટી ધાડના ઈરાદે રોકાઈ હોવાની પાકી બાતમી મળી હતી. તેથી પોલીસે ગેસ્ટ હાઉસના રૂમ નં.૨૦૬ માં આકસ્મીક દરોડો પાડી પાંચને ઝડપી પાડ્યા હતા. જેમાં સીરાજખાને (પાલનપુર) પોતાનું આ.ડી.પ્રુફ આપી તેમને રોકાવા માટેની વ્યવસ્થા કરી આપી હોવાનું જાણવા મળ્યું હતું. તેમની પાસેથી ચપ્પુ, લોખંડનો સળીયો, રોકડ અને મોબાઈલ (કિંમત રૂા.૩૭,૯૦૦) મળી આવ્યા હતા. જોકે રસીદખાન મલેક (રહે.વારાહી) બહાર હોઈ મળી આવ્યો ન હતો. પોલીસે પાંચેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

પકડાયેલી ટોકળી

અહેમદખાન સબરખાન મલેક (રહે.વારાહી, તા.સાંતલપુર), રીયાજખાન ઐયુબખાન મલેક (રહે.વારાહી તા.સાંતલપુર), આરીફખાન અબ્દુલખાન બલોચ(રહે.વારાહી, તા.સાંતલપુર), સીરાજખાન હબીબખાન મલેક (રહે.પાલનપુર) મુસ્તુફા યાસીનભાઈ વલીભાઈ મેમણ (રહે.વારાહી, તા.સાંતલપુર)

થરાદમાં છરીની અણીએ જેઠે નાનાભાઈની પત્ની પર દુષ્કર્મ ગુજાર્યુ

પ્રતિનિધિ થરાદ

ગુજરાતમાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે દુષ્કર્મની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહી છે. બનાસકાંઠામાં પારિવારીક સંબંધોમાં જ દુષ્કર્મ થયું હોવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી પ્રમાણે બનાસકાંઠાના થરાદમાં છરીની અણીએ જેઠે નાનાભાઈની પ્નની ઉપર દુષ્કર્મ આચર્યુ હતું.

વધુ મળતી માહિતી પ્રમાણે જેઠે નાનાભાઈની પત્નીને પિયર મૂકવા જવાના બહાને ગાડીમાં બેસાડી હતી. ત્યાર બાદ ગાડીને રણ વિસ્તારમાં લઇ જઇને છરીની અણીએ દુષ્કર્મ આચર્યુ હતું. જોકે, આ અંગ જેઠ જગદીશ બ્રાહ્મણ સામે ગુનોં નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે આગળની કાર્યવાહીની તજવીજ હાથ ધરી છે.

બનાસ ડેરી દ્વારા બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ.૧૦૦ નો ઘટાડો કરાયો

પાલનપુર

બનાસ ડેરી બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોને ઉત્તમ ગુણવત્તાનું બનાસ દાણ પૂરું પાડે છે. દૂધ ઉત્પાદકો બનાસ દાણ પોષણક્ષમ ભાવે ખરીદી શકે તે બાબતનો પૂરતો ખ્યાલ રાખવામાં આવે છે. બનાસ ડેરીએ બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૧૦૦ નો ઘટાડો કર્યો છે. જે તા. ૧૦.૧૦.૨૦૧૭થી લાગુ કરવામાં આવશે.

ડેરીના માન.ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના નેતૃત્વમાં દૂધ ઉત્પાદકોના હિતોની જાળવણી માટે કાચા માલની ખરીદીમાં ગુણવત્તા સાથે પારદર્શક તંત્ર કાર્યરત કરવામાં આવેલ છે અને દરેક વસ્તુની ખરીદીમાં ચોક્કસ નીતિ નિયમોને અનુસરવામાં આવે છે તેથી બજારના ચઢાવ ઉતારની અવળી અસરોને રોકી શકાઈ છે. આ ઉપરાંત બનાસ દાણના ઉત્પાદન એકમોને પણ પૂરી કાર્યક્ષમતા અને કરકસરથી ચલાવવામાં આવે છે.

પ્રતિ ૭૦ કિલોની બનાસ દાણની બોરી દૂધ ઉત્પાદકોને રૂ. ૧૧૯૦ના ભાવે મળતી હતી. હવે દૂધ ઉત્પાદકો રૂ.૧૦૯૦ના ભાવે ૭૦ કિલોની બોરી ખરીદી શકશે. આમ બનાસકાઠાના દૂધ ઉત્પાદકો માટે બનાસ દાણમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૧૦૦નો ઘટાડો થતા ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. નિયામક મંડળના આ હિતકારી નિર્ણયને દૂધ ઉત્પાદકોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધો છે.

આ ઉપરાંત બનાસ દાણની ગુણવત્તા બાબતે તાજેતરમાં શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા છે, જેના પરિણામે પશુઓના સ્વાસ્થ્યમાં તેમજ દૂધના ફેટ અને એસ.એન.એફમાં પણ સારો એવો સુધારો થયેલ છે. ભેંસ માટેનું અલગથી વિશેષ દાણ પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તમામ દાણમાં મિનરલ પોષક તત્વોનું પ્રમાણ પણ અગાઉ કરતા વધારવામાં આવ્યું છે અને તેમાં પણ ઉત્તરોત્તર સુધારો કરવામાં આવી રહ્યો છે.

આ અગાઉ તા.૧૬.૦૬. ૨૦૧૭ના રોજ બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ. ૬૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો. નિયામક મંડળના પારદર્શક અને કરકસરયુક્ત વહીવટના કારણે ટૂંકાગાળામાં જ પુનઃ બનાસ દાણના ભાવમાં પ્રતિ ૭૦ કિલોની બોરીએ રૂ.૧૦૦ નો ઘટાડો કરી શકાયો છે. દિવાળી ના તહેવારોમાં આ નિર્ણયથી ખેડૂતોમાં વિશ્વાસ અને આનંદનો માહોલ સર્જાયો છે.

કાંકરેજની નર્મદા કેનાલથી ચાંગા પાઈપ લાઈનમાં પાણી છોડાતા ખેડુતોમાં આનંદ

રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી અને અગ્રણી અણદાભાઈ પટેલના પ્રયાસોથી પાણી છોડાયુ

કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકામાં નર્મદા કેનાલમાંથી ચાંગાથી દાંતીવાડા તરફ જતી પાઈપ લાઈનમાં રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી અને અગ્રણી અણદાભાઈ પટેલના પ્રયાસોથી પાણી છોડવામાં આવતા ખેડુતોમાં આનંદની લાગણી છવાઈ છે.

કાંકરેજ તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી પાઈપલાઈન મારફત દાંતીવાડા પાણી પહોંચાડવામાં આવે છે. પરંતુ ચોમાસામાં ભારે વરસાદ અને પૂરના કારણે નર્મદા કેનાલ તથા પાઈપ લાઈનમાં ઠેરઠેર ભંગાણ પડ્યુ હતું. જો કે યુધ્ધના ધોરણે નર્મદા કેનાલનું મરામત કામ હાથ ધરી કેનાલમાં ફરીથી પાણી વહેવડાવવાનું શરૂ કરાયુ છે. જ્યારે ચાંગાથી દાંતીવાડા સુધીની પાઈપલાઈનમાં ૧૦ થી ૧૫ દિવસમાં પાણી ચાલુ કરાશે. તેવું અધિકારીઓ દ્વારા જણાવાયું હતું. પરંતુ પાણી ચાલુ થયુ ન હતું. આથી કાંકરેજ તાલુકાના અગ્રણીઓ અણદાભાઈ પટેલ, ડાયાભાઈ પીલીયાતર, કિર્તીસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેસરીયા, ઈશ્વરભાઈ પટેલે રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીને રજુઆત કરી હતી. અને ખેડુતોને શિયાળુ પાક.ના વાવેતરમાં પાણીની તાતી જરૂરિયાત હોઈ સત્વરે પાણી ચાલુ કરાવવા માંગ કરી હતી. આ ઉપરાંત અણદાભાઈ પટેલની આગેવાનીમાં ૫૦૦ થી વધુ ખેડુતોએ પાણી પુરવઠા કચેરીએ જઈ રજુઆત કરી હતી. પરિણામે રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી અને અગ્રણી અણદાભાઈ પટેલના પ્રયત્નોથી ચાંગાથી દાંતીવાડાની પાઈપ લાઈનમાં પાણી ચાલુ કરાતા ખેડુતોમાં આનંદની લાગણી છવાઈ છે. આ પાઈપલાઈનના કારણે તાલુકાના અનેક ગામોમાં તળાવો ભરાશે અને ખેતી માટે પણ પાણી ઉપલબ્ધ થશે.

ભાભર શ્રી નાગણેશ્વરી માતાજી મંદિરના ભંડારાનું તાળુ તૂટ્યું

અગાઉની ચોરીઓનો ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસ નિષ્ફળ રહેતા ચોરો ફરી સક્રિય બન્યા

વનરાજસિંહ ટી.રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભરમાં છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક પોલીસની લાપરવાહીથી અગાઉની ચોરીઓનો ભેદ ઉકેલવામાં નિષ્ફળ રહેતા ચોરો સક્રિય બન્યા છે. જેના કારણે શહેરીજનોની ઊંઘ હરામ થઈ ગઈ છે. ભાભરમાં તાજેતરમાં અનેક ચોરીઓ થઈ છે. તેનો ભેદ હજુ સુધી વણઉકેલ્યો છે. ત્યારે ગત રાત્રિ દરમ્યાન ભાભર જુના દિયોદર ત્રણ રસ્તા પાસે આવેલ શ્રી નાગણેશ્વરી માતાજી મંદિરના ભંડારાનું તાળુ કોઈક ચોર ઈસમે તોડ્યુ હતું. પરંતુ તેમાં થોડી રોકડની ચોરી થઈ છે, પણ કોઈ આવી જવાના કારણે ચોર ભાગી ગયો હોવાનુ લોકો અનુમાન લગાવી રહ્યા છે. મંદિરમાં ચોરીનો પ્રયાસ થતાં ચોરો હવે ધાર્મિક સ્થળો તરફ વળતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક પોલીસ સક્રિય થયેલ ચોરોને ઉગતા ડામે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

સુરાણા ગામે શ્રીમદ્ ભાગવત્ કથા સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના સુરાણા ગામે તા.૬-૧૦-૨૦૧૭ થી તા.૧૨-૧૦-૨૦૧૭ સુધી જોષી કેશાભાઈ નથુભાઈ પરિવાર દ્વારા પિત્રુ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત્ કથા સપ્તાહ જ્ઞાન યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ છે.તા.૬-૧૦-૨૦૧૭ના રોજ કથાના પ્રારંભે પોથી યાત્રાનો વરઘોડો યોજાયેલ.જેમાં ડી.જે. ના તાલે સૌ નાચી ઝુમી ઉઠેલ. ત્યારબાદ બપોરે શુભ મૂહૂર્તે પ.પૂ.શ્રી શ્યામસ્વરૂપ મહારાજ તેમજ પધારેલ સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કથાનો પ્રારંભ કરવામાં આવેલ.કથાનો સમય બપોરે ૧૨.થી સાંજે ૪ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે. કથાના વક્તા તરીકે પ.પૂ. આચાર્ય શ્રી રણછોડભાઈ ઉપસ્થિત રહી કથાનું રસ પાન કરાવી રહ્યા છે. તેમજ આચાર્ય તરીકે શાસ્ત્રી રઘુભાઈ કે.જોષી ઉપસ્થિત છે. આ પ્રસંગે પ.પૂ.શ્રી શ્યામસ્વરૂપ મહારાજ (ઉંડાઈ), પ.પૂ.સંત શ્રી સીતારામ બાપુ (રવીયાણા) ઉપસ્થિત રહી લોકોને આર્શીવચન પાઠવેલ. રોજે રોજ મોટી સંખ્યામાં લોકો કથા સાંભળવા માટે ઉમટી રહ્યા છે.કથા દરમ્યાન વિવિધ પ્રસંગો જેવા કે કૃષ્ણ જન્મોત્સવ, ગૌવર્ધન પૂજા,રૂક્ષમણી વિવાહ, પરીક્ષીત મોક્ષ જેવા કાર્યક્રમો યોજાશે. આ પરિવારના જોષી મગનભાઈ, ધુડાભાઈ, જયરામભાઈ, રઘુભાઈ પરિવાર દ્વારા સાતેય દિવસ સમસ્ત ગામ જમણ (ભોજન પ્રસાદ)નું સુંદર આયોજન કરવામાં આવેલ છે.રોજે રોજ મોટી સંખ્યામાં લોકો ભોજન પ્રસાદનો લાભ લઈ રહ્યા છે.

ભાડભૂત ખાતે બનનાર વિયર કમ કોઝ- વેનો આજે વડાપ્રધાન મોદીના હસ્તે શિલાન્યાસ

પ્રતિનિધિ અંકલેશ્વર

ભાડભૂત ખાતે બનનાર વિયર કમ કોઝ-વેનું ખાતમુહૂર્ત કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવવાના છે. ભરૂચના લોકોને આ વિયર કમ કોઝ-વેથી નર્મદા નદીમાં પાણી જોવા મળશે અને જે ભરૂચ શહેરના અને કિનારાના ગામોના પ્રશ્નો હતા તે ઉકેલાશે એવી આશા રાખવામાં આવી રહી છે.

આમ તો આ વિયર કમ કોઝ- વે એ કલ્પસર યોજનાનો પહેલો તબક્કો છે. વર્ષોથી ગુજરાતનું સ્વપ્ન એવી કલ્પસર યોજનાને પૂર્ણ કરવા માટે નવો ઉત્સાહ મળશે તે વાત નક્કી છે.

કલ્પસર યોજનામાં દહેજથી ઘોઘા સુધી દરિયામાં પોળો બાંધીને તેની આગળના ભાગમાં મીઠા પાણીનું સરોવર બનાવવાનો છે. જ્યાંથી પહેલા બનનાર ખારા પાણીના સરોવરમાંથી ધીરે ધીરે પાણી ઉલેચીને નર્મદાના મીઠા જળ ભરવામાં આવશે. આ ખારાશ ઘટાડવામાં એક તો મીઠાના ઉત્પાદકો પણ અગત્યનો ભાગ ભજવશે. ત્યારબાદ અહીં મીઠા પાણીનું સરોવર બનશે. જેનાથી ખેતી અને પીવાનું પાણી તેમજ ઈન્ડસ્ટ્રીઝ તેનો ઉપયોગ કરી શકશે.

આ ઉપરાંત સૌથી મોટો ફાયદો આસપાસના વિસ્તારમાં દરિયાના પાણીને લઈ જમીન ખારાશવાળી થઈ ગઈ છે. ત્યાં ખારા પાણીની જગ્યાએ મીઠા પાણીનું સરોવર બનતા ધીરે ધીરે તે જમીનમાં મીઠા જળ આવશે અને તેને લઈને જે જમીનમાં ખારાશને લઈને ખેતી નથી થઈ શકતી તે જમીન ફળદ્રુપ બનતા ત્યાં ખેતી થઈ શકશે.

આપણા દેશમાં સૌથી મોટો પ્રશ્ન ખેતીલાયક જમીન ઓછી થઈ રહી છે. તેની સામે ખેતીલાયક જમીનમાં વધારો થશે. આ મીઠા પાણીનું સરોવર બહુ મોટા વિસ્તારને આવરી લેશે. જેને લઈને ખુબ મોટા પ્રમાણમાં આપણને ફળદ્રુપ જમીન મળશે.

અનુસંધાન પાના નં.૬

કાંકરેજ કંબોઈ ગામની પરણીતાનું અગ્નિ સ્નાન

પતિ સહિત પાંચ સાસરીયા વિરૂધ્ધ ગુનો દાખલ

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના કંબોઈ ગામની પરણીતાએ સાસરીયાના ત્રાસથી કંટાળીને શરીરે કેરોસીન છાંટી જીવન લીલા સંકેલી દીધી હતી. આ મામલે તેણીના પતિ સહિત પાંચ સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે કાંકરેજ તાલુકાના કંબોઈ ગામની સીમમાં પોતાના રહેણાંકના વિસ્તારમાં બનાવેલ મકાનમાં મહિલા શરીરે કેરોસીન છાંટી મોતને વહાલુ કર્યું હતું. મરણ જનાર સવિતાબેન કનુજી સોલંકીને માનસિક શારીરિક ત્રાસ તેમજ મેણા ટોણાં, તેમજ દહેજની માંગણી કરી સાસરીયાએ મરવા મજબુર કરતા તેણીએ તા.૬/૧૦/૨૦૧૭ ના રોજ ૧૪:૦૦ થી ૧૪:૩૦ ક. અગ્નિ સ્નાન કરેલ. જેની ફરિયાદ ૨૦:૪૫ કલાકે શિહોરી પોલીસ મથકે આરોપી કનુજી ઝેણાજી, ક્રિષ્ણાબેન ઝેણાજી, ઝેણાજી નવાજી, જીતુજી ઝેણાજી અને કુબેરજી ઝેણાજી સોલંકી (રહે. કંબોઈ નોંધાણી પાટી તા. કાંકરેજ) વિરૂધ્ધ નોંધાતા પોલીસે ગુના રજી.નં.૫૮/ ૨૦૧૭ ઈ.પી.કો. કલમ ૩૦૬, ૪૯૮ (ક) ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ ૩,૭ મુજબ ફરિયાદી જેન્તીજી ભેમાજી ઠાકોર (રહે. અમુઢ તા. ઉંઝા જિ.મહેસાણા) ની ફરિયાદ નોંધી મરણ જનાર સવિતાબેનની લાશનું પી.એમ. શિહોરી રેફરલ હોસ્પિટલમાં કરી આગળની તપાસ હાથ ધરી છે.

થરાદ તાલુકાના પિલુડા અને પડાદર ગામે ઠાકોર સેનાની સભા યોજાઈ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના પિલુડા અને પડાદર ગામે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના આગામી તારીખે ગાંધીનગર ખાતે યોજાનાર જનાદેશ મહાસંમેલનની તૈયારી ના હેતુથી સભાઓ યોજાઈ હતી.જેમા વિશાળ સંખ્યામાં ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિત જનતાએ જનાદેશ સંમેલનમા જોડાવા હાથ ઉંચા કરી સંમર્થન જાહેર કર્યુ હતુ.જેમા પ્રવિણજી ઠાકોરે સમાજને વ્યસનમુક્ત રહી શિક્ષણ અને સંગઠનને મજબુત બનાવવા અપીલ કરી હતી વધુમાં જણાવ્યુ હતુ કે ઠાકોર સેના અને ઓ.એસ.એસ એક્તા મંચને તમામ ક્ષેત્રેથી પ્રચંડ સંમર્થન સાંપડી રહ્યું છે .

આ પ્રસંગે થરાદ તાલુકા ઠાકોર સેનાના પ્રમુખ પ્રવિણજી મોરથલ,ઉપ પ્રમુખ રસિકજી થરાદ, જયંતીજી અભેપુરા, મિડીયા સેલ દિપકજી ટેરોલ,મંત્રી ઉદાજી પિરગઢ, સંગઠનમંત્રી દેવાજી પિલુડા,ભેમજીજી પડાદર, રમેશજી પાવડાસણ, સામજીજી પડાદર,વખતાજી જેંટા, દશરથજી પઠામડા, પ્રકાશજી, જેતાજી જેંટા,,તેજાજી કમાળી, પિરાજી પિલુડા, પ્રેમજીજી, પ્રધનજી મોરથલ હોદેદારો સહિત વિશાળ જનસંખ્યા ઉપસ્થિત રહી હતી.

રામપુરા ગામે નવરાત્રી પર્વની રંગેચંગે પૂર્ણાહુતિ

પ્રતિનિધિ રામપુરા

ડીસા તાલુકાના રામપુરા મુકામે નવરાત્રી પર્વની ઉજવણી ખુબ ધામધુમપૂર્વક છેલ્લા ૨૫ વર્ષથી થાય છે. નવરાત્રી પર્વ પહેલા દેશી ઢોલક અને મુખેથી ગવાતા ગરબાનું મહત્વ હતું. પરંતુ હવે મોબાઈલ યુગ આવતા ડીજેના તાલે લોકો ગરબે રમતા થયા છે.

રામપુરા આજુબાજુના દસથી પંદર ગામોમાં રામપુરા ગામના ગરબા જેવા લોકોની વધારે ભીડ હોય છે. બહારથી આવતા લોકોની બેઠક વ્યવસ્થા કરવામાં આવે છે. રામપુરા ગામે ઉજવતા ગરબાની આગેવાની પેપળુ મઠના મહંતશ્રી બાબુપુરીજી મહારાજની હાજરીમાં ગરબાનું આયોજન થાય છે. ગબ્બર તથા લાકડાના બનાવેલ વાઘ તથા તેના ઉપર માતાજીની સવારી આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. રામપુરા ગામે શાંતિપૂર્વક ગરબા મહોત્સવનું આયોજન થાય છે. રામપુરા ગામે ભીલડી પોલીસ દ્વારા સુંદર રીતે પેટ્રોલીંગ કરવામાં આવતું હતું. ગરબામાં રોજ ઈનામ પણ આપવામાં આવતા હતા. ગરબાનું આયોજક તરીકે ભીલડીયા ભુરાભાઈ ચેતન જાટ, રમેશ જાટ, દશરથ ઠાકોર, શામળાભાઈ જાટ, પ્રકાશભાઈ જાટ તથા ગામના અનેક યુવાન મિત્રો દ્વારા રીતે આયોજન કરી દસ દિવસ ગરબા તથા માતાજીનો હવન કાર્યક્રમ યોજાયો હતો.

નેસડી (કોતરવાડા) ના ખેડૂતની જમીન પચાવી પાડવાનો કારસો

økheçk ¾zík Ãkrhðkhlke fVkze nk÷ík

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના નેસડી (કોતરવાડા) ગામના ખેડુત પટેલ રામાભાઈ ડુંગરાભાઈ ખાતા નં.૧૨૫ માં જમીન ધરાવતા હતા. તેમના અવસાન બાદ કાયદા મુજબ તેમના પુત્ર પટેલ હરખાભાઈ રામાભાઈનું આ ખાતામાં સીધી લીટીના વારસદાર તરીકે નામ દાખલ થઈ ગયું હતું. પરંતુ કોઈ વિઘ્ન સંતોષીએ ખોટા દસ્તાવેજો ઉભા કરી તેમનું નામ ખાતામાંથી રદ કરાવી દીધેલ છે. તેથી તેઓ ખેડુત મટી ગયા છે.તેમનું નામ ૭/૧૨ અને ૮ અ ના ઉતારામાંથી પણ રદ થતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. જેથી ગરીબ પરિવાર માથે આભ તૂટી પડ્યું છે.

આ બાબતે પટેલ હરખાભાઈ રામાભાઈએ મામલતદારને લેખિતમાં રજુઆતો કરી ખોટા દસ્તાવેજો દ્વારા મારે મિલકત પચાવી પાડી છે. તેથી નાછૂટકે મારે પરિવાર સાથે આપઘાત કરવાનો વારો આવ્યો છે. તેમ જણાવી ન્યાયની ગુહાર લગાવી છે.

ગોસણ પે.કેન્દ્ર શાળામાં વય નિવૃત થતાં ૨૦ શિક્ષકોનો વિદાય સમારંભ યોજાશે

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાના સીસોદરા ગામના વતની અને ગોસણ પે.કેન્દ્ર શાળાના આચાર્ય વાઘજીભાઈ કરશનભાઈ દેસાઈ વય નિવૃત થતાં ગોસણ શાળામાં આજે તા. ૮/૧૦/૨૦૧૭ ના દિવસે વય નિવૃતિ વિદાય સન્માન સમારોહ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં તાલુકાના અન્ય ૨૦ શિક્ષકો વય નિવૃત થતાં હોઈ તેમનું પણ સન્માન કરવામાં આવનાર છે. ભાભર તાલુકા પ્રા.શિક્ષક સંઘ અને શિક્ષક પરિવાર દ્વારા તેનું આયોજન કરેલ છે. જેમાં અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે.

ભાજપ શાસિત પાલનપુર પાલિકાના ઇન્ચાર્જ વ્યવસાય અધિકારી રૂપિયા ૪૫૦૦ની લાંચ લેતા ઝડપાયા

વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદો વચ્ચે એ.સી.બી. ત્રાટકતા ફફડાટ

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં ભ્રષ્ટાચાર આચરાતો હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે આજે એ.સી.બી. ત્રાટકી હતી. જેમાં એ.સી.બી.ના છટકામાં ઈન્ચાર્જ વ્યવસાયવેરા અધિકારી કેટલ ફિડના વેપારી પાસેથી રૂપિયા ૪૫૦૦ની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા.જેને પગલે ભ્રષ્ટાચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

ભાજપ શાસિત પાલનપુર પાલિકા ભ્રષ્ટાચારમાં કેટલી લિપ્ત છે તેની પ્રતીતિ કરાવતી ઘટનામાં શહેરમાં આવેલા નવા માર્કેટયાર્ડમાં પશુદાણની દુકાન ધરાવતા વેપારીનો વર્ષ ૨૦૧૩થી રૂપિયા ૩૦,૦૦૦નો વ્યવસાય વેરો બાકી હતો. જે બદલ નગર પાલિકાના વ્યવસાય વિભાગે વેપારીને નોટિસ આપી હતી. જે પૈકીની રકમ જમા કરાવવા માટે વ્યવસાયવેરા ક્લાર્ક અને ઈન્ચાર્જ અધિકારી મહેન્દ્રભાઈ યુ.ડામોરે વેપારીને શનિવારે

અનુસંધાન પાના નં.૬

વ્યવસાયવેરા અધિકારીને ઘેરથી દબોચી લેતી એ.સી.બી.

વેપારીએ વ્યવસાયવેરા અધિકારીને પાવડરવાળી નોટો પકડાવી હતી. જોકે, અધિકારીએ રૂપિયા ૫૦૦૦ અને ૧૦,૦૦૦ના અન્ય વ્યક્તિઓ પાસેથી છુટ્ટા લઈ નોટો બદલાવી દીધી હતી. દરમિયાન, વ્યવસાય અધિકારી નાણાં લઈ ઘરે જતા રહ્યા હતા. વેપારીને પાવતી આપ્યા બાદ અધિકારી ઉપરના રૂપિયા ૪૫૦૦ લઈને તેમના એંગોલા વિસ્તારમાં આવેલી નક્ષત્ર સોસાયટીમાં જતા રહ્યા હતા. જોકે, એ.સી.બી.ની ટીમે પાલિકાના સેવક દસરથજી ઠાકોરને સાથે રાખી વ્યવસંવેરા અધિકારીને ઘરેથી દબોચી લીધા હતા.

ભ્રષ્ટાચાર નિરકુંશ બન્યો

ભાજપ શાસિત પાલનપુર પાલિકા માં કૌભાંડોની હારમાળા સર્જાઈ છે. ત્યારે શાશકોના નાક નીચે અધિકારીઓ અને કર્મચારીઓ પણ ભયમુકત બની ભ્રષ્ટાચાર આચરી રહ્યા હોવાની રાવ ઉઠી છે. પાલિકાના ટી.પી.કમિટીના એન્જિનિયર પર ખુદ શાશક પક્ષની નગરસેવિકાએ સંગીન આરોપો લગાવ્યા હોવા છતાં શાસકો સહિત ભાજપ મોવડી મંડળ પણ ગાંધારીની ભૂમિકા ભજવી રહી છે. તો વળી, એક નગરસેવિકા સ્વામી તો પાલિકામાં ચાલતા ભ્રષ્ટાચાર બદલ ભાજપ સંગઠનને જવાબદાર ઠેરવી રહ્યા છે. જોકે, આજની ઘટના પર ખુદ ભાજપના નિષ્ઠવાન નગરસેવકો એ પાલિકા પર કાળા ધબ્બા સમી ગણાવી હતી.

ભીલડી રેલ્વે પોલીસે દારૂ પીધેલી હાલતમાં ચાર ઈસમોને ઝડપ્યા

કંચનજી ઠાકોર

ભીલડી

ભીલડી રેલ્વે પોલીસે તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પીધેલી હાલતમાં ચાર ઈસમો મળી આવતા તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભીલડી રેલ્વે પોલીસના નાઈટ પેટ્રોલીંગ દરમિયાન ચાર શખ્સો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે તેમની તપાસ કરતા ચંપકભાઈ પરબતભાઈ ઠાકોર રહે.રામસણ તા.ડીસા, ઉદારામ ભોમાજી રબારી રહે.સાતુર તા.રાણીવાડા. રાજસ્થાન, ગોવિંદ બંસીલાલ પંડિત રહે. જાવલા તા. પર્વતસર જિ.નાગોર (રાજસ્થાન) તેમજ રમેશજી હેમતજી દરબાર રહે. વામૈયા તા.પાટણ વાળાતે દારૂ પીધેલી હાલતમાં હોઈ ચારેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ ભરતભાઈ પરમારે હાથ ધરી છે.

ડીસા ખાતે જૈન ઈરીગેશન દ્વારા બટાકા અને દાડમનો પરીસંવાદ યોજાયો

ડીસા

જૈન ઈરીગેશન કંપની તથા કો.ફેડ્રેશન ઓફ હોર્ટીકલ્ચર એસોસીએશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે બટાકા અને દાડમ પાકમાં સર્વત્તમ ઉપજ અને આવક માટેના વૈજ્ઞાનીક બદલાવ તથા સંસોધન ઉપર પરીસંવાદ અને તાલીમ યોજાઈતે પરિસંવાદમાં બટાટા અને દાડમ પરિસંવાદના ઉદઘાટક ડો.એચ.પી.સીંગ (ભુત પુર્વ ડી.ડી.જી.) આઈ.સી.એ.આર. ન્યુદિલ્હી જણાવ્યું કે હવે ખેડૂત ખેતી કરતા પહેલાં વૈજ્ઞાનિક બને પછી વ્યાપારીક ધોરણે આવક અને ખર્ચનો વ્યવસ્થાપન અવશ્ય કરે. ચીલા ચાલુ ખેતીનો જમાનો ગયો તેમને આહવાન કર્યુ કે, નજીકના વૈજ્ઞાનિકોની મુલાકાત લઈ સલાહ - સુચન આધારીત પાકનુ આયોજન જરૂરી છે. નવા અભીગમ અને પ્રયોગો સતત કરતા રહેવુ જોઈએ બટાટાના સંશોધનમાં ચાલીસ(૪૦) વર્ષના અનુભવ ધરાવતાં ડો.બી.પી.સીંગ (ભુત પુર્વ ડાયરેક્ટર) કેન્દ્રીય બટાટા સંશોધન કેન્દ્ર, સિમલા જણવ્યા અનુસાર કે ડીસા વિસ્તારમાં બટાટા બહોળા પ્રમાણમાં વવાય છે, અને એકન્દરે ઉત્પાદનમાં દેશમાં મોખરે છે. તેમ છતાં હજી આગળ જવાની ઉજળી તકો છે. દુનિયામાં બટાટાનો ખેડુત દર વર્ષે નવુ બિયારણ વાપરે છે. આપણે ત્યાં એકજ બીયારણના જથ્થાનો વર્ષો વર્ષ વાપરવાથી વિષાણું ફુગ અને જીવાણુ તથા રોગોનું પ્રમાણ વધે છે. અને ઉત્પાદન ઉપર માઠી અસર પડે છે. માટે સૌથી પહેલા નવી ભલામણ કરેલી જાત જેવી કે કુફરી ખ્યાતી કુફરી ચીપ્સોના, ફાયસોનાનુ વાવેતર વધવું જોઈએ. પુખરાજ બહુજુની જાત છે, તથા આનાથી વધારે સારી જાતો પણ આવી ગયેલ છે. ઘણી વખત બીયારણની ઉપલબ્ધતાનો મારો રહે છે. માટે રોગમુક્ત બીયારણ (ટિશ્યુ કલ્ચરથી) બનાવવાનો સંશોધન અને પ્રયાસ ચાલુ છે. ડો.સિંગે જણાવ્યું કે બટાટા માટે ડીસાનું હવામાન સૌથી વધારે અનુકુળ છે. પરંતુ વાવેતર મહિના અને તારીખ ના જોતા લઘુતમ અને મહત્તમ તાપમાન (૨૫૦ થી ૨૮૦સેલ્સિયસ) હોવું જોઈએ. ખાવા માટેની અને પ્રોસેસીંગ માટેની અલગ અલગ જાતો જેની નવીન ભલામણ કરેલ છે તેનો ઉપયોગ હિતાવહ છે.

બનાસકાંઠા વિસ્તાર માટે દાડમના જનક કહેવાતા પદમશ્રી ગેનાભાઈ પટેલ હાજર રહી અને હાકલ કરેલ કે ખેડૂતો પોતે નવી ટેકનીક સમજે જાણે અને વિસ્તારમાં બધા જ ખેડૂતોને માહિતગાર કરે.

જૈન ઈરીગેશનના ડો.કે.બી.પાટિલ દાડમ વિષે સંપૂર્ણ માહિતી આપી અને કહ્યુ કે ટીશ્યુ રોપા રોગમુક્ત હોવાથી જીવાતોનો ઉપદ્રવ ઓછું થાય છે, એકધારૂ અને એક સરખુ ફુલ આવે છે. મહારાષ્ટ્રથી ગુટી કલમ નહી લેવી જોઈએ કારણ કે તેની સાથે રોગ - જીવાત પણ આવે છે. છોડની ઉંમર પ્રમાણે પાણી અને ખાતરનું પ્રમાણ નક્કી થવું જોઈએ અને ટપક વગર દાડમની ખેતી કરવી જોઈએ નહી. આડેધડ દવાનો ઉપયોગ હિતાવહ નથી. પરિસંવાદમાં બહોળીસંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને વૈજ્ઞાનિક દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન અને તેમના પ્રશ્નોનુ નિરાકરણ કર્યુ હતું.

આ પરિસંવાદમાં ડો.અનીલ પાટીલ, ડો.મથુરા રાય, ભુત પૂર્વ ડાયરેક્ટર ભારતીય શાકભાજી સંસ્થા,વારાણસી, ડો.એન.કુમાર, ડીન, બાગાયત તમિલ નાડુ, કૃષિ યુનિવર્સિટી કોઈમ્બતુર, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ડો.સંખેલા, ડો.જાટ, ડો.જે.કે.પટેલે ભાગ લીધો હતો. ડો.અશોક મિશ્રા, કાર્યક્રમના સંચાલન કરી અને રોગ જીવાતના નિયંત્રણ વિશે માહિતી આપી. ડો.સંગીતા લદ્ધાએ આભાર વિધિ કરી.

વાવમાં રાજયમંત્રી વિરૂધ્ધ થયેલા લખાણ મુદે પોલીસની નિષ્ક્રીયતા સામે આવી

વિષ્ણુ પરમાર

વાવ - પોલીસ અને હોમગાર્ડઝ ભરનિંદ્રામાં

તાલુકા પ્રતિ વાવ

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવતા ક્યાંક શબ્દયુધ્ધ તો ક્યાંક પ્રચાર યુધ્ધ તો વળી ક્યાંક પોસ્ટર કે લખાણ યુધ્ધ ચર્ચાના ચગડોળે ચડયું છે ત્યારે ગતરોજ તા.૬/૧૦/૧૭ ના રોજ વાવમાં ધારાસભ્ય અને રાજય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી વિરૂધ્ધ તેમના વિરોધીઓએ જાહેર વિસ્તારોમાં લખાણ લખી વિવાદનો મધપુડો છંછેડયો છે. જો કે આ બાબતની જાણ વાવ શહેર યુવા ભાજપના કાર્યકરોને થતાં તાત્કાલિક આ લાખણને સાફ કરી મામલો થાળે પાડી દીધો હતો. પરંતુ વાવ પોલીસ અને હોમગાર્ડઝ જવાનોની નિષ્ક્રીયતા સામે આવી છે.વાવ પી.એસ.આઈ એ.એમ.પટેલની રાહબરી હેઠળ વાવમાં રાત્રે ૧૧/૦૦ થી સવારે ૫/૦૦ દરમ્યાન ૧૦ હોમગાર્ડઝ જવાનોના પોઈન્ટ નોંધાય છે.

રાજયમંત્રી વિરૂધ્ધ લખાણ લખાયુ છે ત્યાં આગળ હોમગાર્ડઝ જવાનોના પોઈન્ટ લાગેલા હતા હોમગાર્ડઝ જવાનોએ આવા તત્વોને આ લખાણથી દૂર કેમ ન કર્યા શું

અનુસંધાન પાના નં.૬

વાવ વિસ્તારમાં વિકાસના કામોની વણથંભી વણઝાર

ભારત - પાક.સરહદે ૪૫ કરોડના ખર્ચે પ્રવાસન ધામના વિકાસ કામોનું ભૂમિપૂજન થશે

ડીસા

સરહદી સુઈગામ તાલુકાના નડાબેટ ખાતે આવેલ ભારત - પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ વાઘા બોર્ડરની જેમ પ્રવાસન સ્થળ તરીકે ખ્યાતી પામે તે માટે ગુજરાત સરકારના પ્રવાસન નિગમ દ્વારા પ્રવાસીઓની સુવિધા માટે ૪૫ કરોડના ખર્ચે વિવિધ પ્રકારના કામોનો ભૂમિપૂજન સમારોહ નડાબેટ ખાતે તા.૯/૧૦/૨૦૧૭ ને સોમવારે સવારે ૯:૩૦ કલાકે યોજાશે.

કેન્દ્રીય ખાણ - ખનીજ અને કોલસા (રાજય) મંત્રી હરિભાઈ ચૈધરીના અધ્યક્ષસ્થાને યોજાનારા આ સમારોહમાં મુખ્યમહેમાનપદે આ વિસ્તારના ધારાસભ્ય અને રાજયના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી તેમજ અતિથિ વિશેષ પદે રાજયના મંત્રી કેશાજી ચૌહાણ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, કચ્છના સંસદસભ્ય વિનોદભાઈ ચાવડા, થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ અને સુઈગામ તાલુકા પંચાયતના પ્રમુખ દલુબેન સરતાનભાઈ રબારી ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનિય છે કે, વાવ મતવિસ્તારમાં તાજેતરમાં વિકાસના કામોની વણથંભી વણઝાર શરૂ થઈ છે. તાજેતરમાંજ ભાભર ખાતે ૧૬ કરોડના ખર્ચે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનું ભૂમિપૂજન, રાધાનેસડા ગામે ૭૦૦ મેગા વોટના સોલારપાર્કનું ભૂમિપૂજન જેવી વિકાસની મહત્વાકાંક્ષી યોજનાઓનો શુભારંભ થયો અને હવે નડાબેટ ખાતે પણ પ્રવાસન સ્થળ આવતા પ્રવાસીઓની સુવિધાઓમાં વધારો થાય તે માટે રૂ.૪૫ કરોડના ખર્ચે વિવિધ સગવડો ઉભી થનાર છે તેનું ભૂમિપૂજન યોજાનાર છે.

પાલનપુર હાઈવે પર આર્મીની ગાડીમાં આગ લાગતાં નાસભાગ મચી

પાલનપુર

પાલનપુર હાઈવે પરથી પસાર થઈ રહેલ આર્મીની ગાડીમાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી જવા પામી હતી અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. જો કે નજીકમાં આવેલ પેટ્રોલપંપમાંથી ફાયર સેફ્ટી લાવીને આગ ઓલવી દેવાતા મોટી જાનહાનિની ઘટના ટળી હતી. ત્યારે હાઈવે પર વૈકલ્પિક રસ્તા બંધ કરી દેવાના કારણે આગ કે દુર્ઘટના સમયે નીકળવા માટેનો માર્ગ ન હોઈ મોટી જાનખુવારી સર્જાઈ શકે તેમ છે ત્યારે મનમાની મુજબ બંધ કરવામાં આવેલ રસ્તાઓ ન ખોલવામાં આવતા આમ જનતા ભોગ બની રહી છે.

પાલનપુર હાઈવે પર ઓવરબ્રીજ નજીક પેટ્રોલપંપ તેમજ હોટલ આવેલી છે અને પેટ્રોલપંપ આવેલ હોઈ અહી ભવિષ્યમાં આગ દુર્ઘટના પણ સર્જાઈ શકે છે ત્યારે આવા સમયે વૈકલ્પિક રસ્તાઓ બંધ હોવાના કારણે મોટી જાનખુવારી થઈ શકે તેમ છે ત્યારે અહી મોટા વાહનો નીકળી શકે તેવી જરૂરીયાત હોવા છતાં તંત્રની ઉદાસીનતા અને ટ્રાફીક પોલીસ બચાવની મુદ્રામાં આવી ગયા છે અને અવાર-નવાર રજુઆતો છતાં વૈકલ્પિક રસ્તાઓ ન ખોલવામાં આવતા મુશ્કેલી પડી રહી છે.ત્યારે આજે બનેલી ઘટનામાં હાઈવે ઓવરબ્રીજ પાસેથી પસાર થઈ રહેલ આર્મીની ગાડીમાં એકાએક અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠતા અફરા-તફરી મચી જવા પામી હતી.

અનુસંધાન પાના નં.૬

થરા માર્કેટયાર્ડના ચેરમેન પદની બીજી ટર્મ માટે ચૂંટણી જાહેર

વર્તમાન ચેરમેન અણદાભાઈ પટેલ પુનઃ આરૂઢ થશે

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લાના પ્રતિનિધિ માર્કેટ યાર્ડમાં જેની ગણના થાય છે તેવા કાંકરેજ તાલુકાના થરા માર્કેટ યાર્ડના સભાપતિ (ચેરમેન) પદે સહકારી શૈક્ષણિક આગેવાન અને પ્રગતિશીલ ખેડૂત અણદાભાઈ રામાભાઈ પટેલ તા.૯/૮/૦૨ થી સતત બીન હરિફ ચૂંટાતા આવ્યા છે. ગત ટર્મમાં પણ તેઓ ચૂંટાયા હતા ને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ થરા અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ પાટણ - ચૂંટણી અધિકારી સુનીલભાઈ ચૌધરીએ નિયામક ખેત બવાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજય ગાંધીનગરના તા.૨૦/૯/૨૦૧૭ પત્ર મુજબ મળેલ સત્તાની રૂએ નિયમાનુસાર કાંકરેજ તાલુકાના થરા માર્કેટયાર્ડના સભાપતિ (ચેરમેન) પદની બીજા ટર્મની ચૂંટણી માટે એજન્ડા બહાર પાડેલ તે મુજબ ચુંટાયેલા તમામ ડીરેક્ટરોને જાણ કરી છે કે આગામી તા.૧૦/૧૦/૨૦૧૭ ને મંગળવારના રોજ ૧૦.૦૦ કલાકે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ થરા કાર્યાલય ખાતે ચૂંટણી યોજાશે નિષ્પક્ષ અને તટસ્થપણે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

થર માર્કેટયાર્ડના વિકાસમાં વર્તમાન ચેરમેન (સભાપતિ) અણદાભાઈ પટેલનું યોગદાન મહત્વનું રહ્યુ છે. ખેડુતો વેપારીઓ કામદારો (મજુરો) સાથે કડીરૂપ બની

અનુસંધાન પાના નં.૬

ચેરમેનની યાદી તથા તેમનો સમયકાળ

[h{LkLk Lkk{	Mk{Þ íkkhe¾Úke íkkhe¾ MkÄe
વીરાભાઈ હરજીભાઈ પટેલ	૧૧-૦૬-૧૯૬૬ થી ૦૪-૧૦-૧૯૬૮
રતીલાલ અંબારામ ઠક્કર	૦૪-૧૦-૧૯૬૮ થી ૧૬-૧૧-૧૯૭૧
વીરાભાઈ હરજીભાઈ પટેલ	૧૬-૧૧-૧૯૭૧ થી ૧૨-૦૮-૧૯૭૫
મેવાભાઈ લખાભાઈ ખાનપુરા	૧૨-૦૮-૧૯૭૫ થી ૧૭-૦૩-૧૯૭૮
રામજીભાઈ અગરાભાઈ પટેલ	૧૭-૦૩-૧૯૭૮ થી ૦૨-૦૯-૧૯૮૨
માલાભાઈ પરબતભાઈ પટેલ	૦૨-૦૯-૧૯૮૨ થી ૦૭-૧૦-૧૯૮૭
દયારામભાઈ જગન્નાથભાઈ જોષી	૦૭-૧૦-૧૯૮૭ થી ૨૬-૧૦-૧૯૮૯
ચંપુભા અજમલસિંહ વાઘેલા	૨૬-૧૦-૧૯૮૯ થી ૦૪-૦૭-૧૯૯૨
દેવજીભાઈ મનજીભાઈ પટેલ	૦૪-૦૭-૧૯૯૨ થી ૦૮-૦૭-૧૯૯૪
જામાભાઈ હરિભાઈ દેસાઈ	૦૮-૦૭-૧૯૯૪ થી ૨૩-૦૬-૧૯૯૮
ભરતકુમાર સેવંતીલાલ પાંચાણી (જૈન)	૨૪-૦૬-૧૯૯૮ થી ૦૩-૦૭-૧૯૯૮
મફાજી હેદુજી સોલંકી (ઈન્ચાર્જ)	૦૪-૦૭-૧૯૯૮ થી ૧૬-૦૭-૧૯૯૮
ભરતકુમાર સેવંતીલાલ પાંચાણી (જૈન)	૧૭-૦૭-૧૯૯૮ થી ૨૪-૧૦-૨૦૦૦
વહીવટદારશ્રી પી.એન.નિનામા	૨૫-૧૦-૨૦૦૦ થી ૧૭-૦૭-૨૦૦૨
વહીવટદારશ્રી એમ.એન.તબીયાર	૧૮-૦૭-૨૦૦૨ થી ૦૮-૦૮-૨૦૦૨
અણદાભાઈ રામાભાઈ પટેલ	૦૯-૦૮-૨૦૦૨ થી ૧૦-૨૦૧૭

ડીસાથી ધાયણોજ જહુમાતા પગપાળા સંઘનું પ્રસ્થાન

ડીસાથી પાટણ તાલુકાના ધાયણોજ ખાતે આવેલા શ્રી જહુ માતાના ધામ સુધી પગપાળા યાત્રા સંઘનું આયોજન કરાયું છે ગઈ કાલે સાંજે ડીસાથી વાજતે ગાજતે પગપાળા સંઘનું પ્રસ્થાન થયું હતું. જેમાં બોહોળી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા.

થરાદમાં સપ્રેડાની મહીલાઓનું જમીનના મુદ્દે આંદોલન : કલેક્ટરે ખાત્રી આપતાં સમેટાયું

f rËð, Úke Mºke ...Á»kk™k xk¤y ™kÞf f÷õxh f[hey Äk{k ™kÏÞk nEk

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

વાવ તાલુકાના સપ્રેડા ગામના રહીશોએ શુક્રવાર બાદ શનિવારે પણ જમીનની માંગણીના મુદ્દે થરાદના નાયબ કલેકટર કચેરીમાં રજુઆત કરી મહીલાઓએ આંદોલન શરૂ કર્યું હતું.જોકે નાયબકલેક્ટરે કાર્યવાહીની ખાત્રી આપતાં સાંજે સમેટી લેવાયું હતું.

થરાદના નાયબકલેક્ટરની કચેરીએ શુક્રવારે વાવ તાલુકાના સપ્રેડા ગામના ૨૦૦ જેટલા જમીન વિહોણા મહિલા અને પુરુષો રજુઆત કરવા આવ્યા બાદ શનિવારથી કચેરીમાં મહીલાઓ અને કેટલાક પુરુષોએ આંદોલન શરૂ કર્યુ હતું. જેમણે જણાવ્યું હતું કે ૨૮.૦૮.૧૭ થી પાલનપુર કલેટર કચેરી, થરાદના કલેક્ટર કચેરીએ આવેદન પત્ર આપેલ છે.પણ કોઇ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી.આથી જમીન વિહોણા પરિવારોએ તેમની માંગણીઓ નહી સંતોષાયતો આગળના સમયમાં ઉગ્ર આંદોલન છેડવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.જોકે નાયબકલેક્ટરે આ એક લાંબી પ્રકીયા હોઈ તેમના ગામમાં વાવના મામલતદાર કે સર્કલને યોગ્ય કાર્યવાહી કરવા મોકલવાની ખાત્રી આપતાં સાંજે આંદોલન પુર્ણ થવા પામ્યું હતું.બનાસકાંઠા દલિત સંગઠનના પ્રમુખ દલપત ભાટીયાએ પણ ગ્રામજનોની થરાદ આવીને મુલાકાત લીધી હતી.

લાખણી તાલુકામાં વિવિધ વિકાસ કામોનો ભૂમિપૂજન સમારોહ યોજાયો

દિલિપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

ગુજરાત સરકાર દ્વારા પ્રજાની સુખાકારી માટે સતત વિકાસના અવનવા કામો થતા રહે છે. ત્યારે લાખણી તાલુકાની પ્રજા માટે નવિન આધુનિક બસ સ્ટેન્ડ, આઈ.ટી.આઈ. કોલેજનું બિલ્ડીંગ સરકારી વસાહત, સરકીટ હાઉસ, સરકારી માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળાઓના ઓરડા સહિતના વિકાસના કામોની ભેટ આપી છે અને ૪૧.૩૮ કરોડના ખર્ચ તૈયાર થનાર વકાસ કામોનું કેન્દ્રીય રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરી અને ગુજરાત સરકારના મંત્રી કેશાજી ચૌહાણની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરાયુ હતું. જેમાં વૈદિક મંત્રોચ્ચારથી ભૂમિજન કાર્ય સંપન્ન કરાયા બાદ જાહેર સભાનું આયોજન રાખવામાં આવ્યું હતું જેમાં દિપ પ્રાટ્ય કરીને કાર્યક્રમને શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા સ્વાગતગીત રજુ કરવામાં આવ્યું હતા.

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં ભર બજારમાં ટુ વ્હીલરમાં લાગી આગ

આગ લાગતા એન્જિન બળીને ખાક

પાલનપુર

પાલનપુરમાં ભર બજારે સ્કુટી સળગી ઉઠવાનો બનાવ બનતા દોડધામ મચી ગઈ હતી.જાહેર રોડ પર પાર્ક કરેલી સ્કુટી સળગી ઉઠી હતી. વાયરિંગના ફોલ્ટને કારણે આગ લાગી હોવાનું મનાઈ રહ્યુ છે.

પાલનપુર શહેરના કિર્તીસ્થંભ વિસ્તારમાં સુઝુકી કમ્પનીના એક ટુ વ્હીલરમાં અચાનક આગ લાગતા આ ટુ વ્હીલર ભડભડ સળગી ઉઠ્યું હતું. આગને કારણે સ્કુટીનું એન્જીન બળીને ખાખ થઈ ગયું હતું. બાદમાં સ્કૂટીમાં લાગેલી આગને સ્થાનીક વેપારીઓએ ઓલવી દીધી હતી.

જોકે, સ્કુટી ચાલકનો આબાદ બચાવ થયો હતો. સ્કૂટીમાં અચાનક આગ લાગવાને પગલે લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી.

દીઓદર તાલુકા પંચાયત નવિન મકાન બાંધકામનું ખાત મૂર્હૂત યોજાયું

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે ૨૪૦.૦૦ લાખના ખર્ચે તૈયાર થનાર દીઓદર તાલુકા પંચાયતનું નવ નિર્મિત નવિન મકાનનું બાંધકામનું ખાત મૂર્હૂત તેમજ વિવિધ પ્રાથમિક શાળાઓના રૂમોનું પણ ખાત મૂહુર્ત તેમજ તક્તીઓનું વિતરણ આજરોજ કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી તેમજ રાજય કક્ષાના મંત્રીશ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયેલ.

આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં પધારેલા સૌ મહેમાનોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહજી વાઘેલાએ સૌને આવકારતાં જણાવેલ કે દીઓદરમાં અદ્યતન સુવિધાવાળુ તાલુકા પંચાયતનું ભવનનો આજરોજ ખાત મૂહૂર્ત થઈ રહ્યું છે જેનાથી પ્રજાની સુખાકારીમાં વધારો થશે.આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કેશાજી ચૌહાણે જણાવેલ કે દીઓદર તાલુકામાં ૩૦૦ કરોડના વિકાસ કામો કરવામાં આવેલા છે.અને આ પંથકનો કોઈપણ વિસ્તાર વિકાસ વિના રહેશે નહીં તેમજ પ્રાથમિક સુવિધાઓ લોકોની પુરી કરવા સરકાર કટીબધ્ધ છે. અધ્યક્ષ સ્થાનેથી બોલતાં કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ જણાવેલ કે

અનુસંધાન પાના નં.૬

પાલનપુર તાલુકા પોલીસ બે બાઈકોની ચોરીઓનો ભેદ ઉકેલ્યા

પાલનપુર

વાહન ચોરી અને મિલ્કત સંબંધી ગુનાઓનો ભેદ ઉકેલવા માટે બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચનાથી અનેએ.આર.ઝનકાંત (નાયબ પોલીસ અધિક્ષક પાલનપુર) તથા એન.ડી.અંસારી (સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર) ના માર્ગદર્શન હેઠળ પાલનપુર તાલુકા પોલીસે ઢેલાણા કનૈયા ધાબા હોટલ આગળથી ચોરી થયેલી મોટર સાયકલ નં.જીજે૯સીએ૬૧૩૧ નો આરોપી પેથાભાઈ ભગાભાઈ રબારી (રહે.ઉમેદપુરા) ને ગણતરીના કલાકોમાં ઝડપી પાડેલ તથા બીજા એક વડગામ પોલીસ સ્ટેશનના ઘોરી ગામના મંદિર પાસેથી મોટર સાયકલનો ભેદ ઉકેલી આરોપીને જેલ હવાલે કરવામાં આવેલ છે.

તંત્રી સ્થાનેથી ...

«kÚkLkk ykí{kLk MðåA fhíke Mkkðõhýe A.

દેશમાં જીએસટીના કારણે વેપાર- ધંધાને ગંભીર અસર

દેશમાં ચાલુ વર્ષે જીએસટીના કારણે મોટાભાગના ધંધાને ગંભીર અસર પહોંચી છે, ''એક રાષ્ટ્ર એક કર' ની વાતો વચ્ચે સરકારે જીએસટીને અમલી બનાવી હોવા છતાં મંદીના મારમાંથી બજાર ઉભુ થઈ શક્યું નથી. જીએસટીએ અનેક વેપારીઓની નવરાત્રી તો બગાડી ત્યારે હવે દિવાળી સુધરશે ખરી? આ મુદ્દો આજે ચારેકોર વેપારી આલમમાં ચર્ચાસ્પદ બન્યો હોવાનું કહેવાય છે, હાલમાં કટલરી, કોસ્મેટિક્સ ઈમિટેશન જેવી જ્વેલરીના વેપારીઓની પથારી ફરી ગઈ છે. નાના મોટા દરેક ધંધામાં માઠી અસર પહોંચી હોવાની ચારે કોરથી બૂમરાડ ઉઠી છે. હાલમાં જે વેપારીઓ માલ ખરીદે છે તેના ઉપર તો તેમણે જીએસટી ચુકવવો જ પડે છે. માટે ભાવ વધારો પણ લેવો પડે છે એટલે ગ્રાહકને ગમે તે રીતે માર પડ્યા વિના રહેશે નહિં.

જીએસટીને લઈને વર્તમાન સંજોગોમાં તમામ ધંધામાં વ્યાપક મંદી જોવા મળે છે. ઘરવખરી અને વાસણ બજારમાં પણ મંદીના ઓછાપા શરૂ થઈ ચુક્યા છે. તજજ્ઞોના જણાવ્યા પ્રમાણે જો સરકાર દ્વારા જીએસટી અંગે યોગ્ય નિર્ણય નહિં લેવાય તો આગામી દિવસોમાં વ્યાપાર ધંધા ઠપ થઈ જશે તે વાત ચોક્કસ છે. નાના ગામડાના વેપારીઓ શહેરોમાં આવીને માલસામાનની ખરીદી કરતા હોય છે. તે હાલમાં ખરીદી બંધ થઈ ચુકી છે. નાના વેપારીઓને ભાવ વધારો ન પોસાતા ખરીદીનું પ્રમાણ ઘટી ગયું છે. પહેલા નોટબંધી અને પછી જીએસટીને લઈને ધંધા મંદા થઈ ગયા હોવાની ચારેકોરથી ફરિયાદ ઉઠી છે. આ બાબતે સરકારે ચોક્કસ પણે વિચારવું જોઈએ કે જીએસટીથી ધંધાકીય એકમોને કેમ અસર પડી રહી છે?

હકીકતમાં જીએસટીનું માળખું વેપારીઓ સમજી શક્યા જ નથી. આ કાયદાથી હજુ વેપારીઓ ડરી રહ્યા છે. જેના કારણે વેપારીઓએ પોતાની ખરીદી બ્લોક કરી દીધી છે. ત્યારે હવે વેપારીઓ જીએસટી રજીસ્ટર્ડ ડીલરો પાસેથી ખરીદી કરવા તૈયાર જ નથી. જેને લઈને દિવાળીના દિવસોમાં પણ ધંધા પર ગંભીર અસર વર્તાય છે.

સામાન્ય રીતે લોકો નવરાત્રિમાં લહાણી આપવા માટે વાસણોની ખરીદી કરતા હોય છે. ત્યારે દિવાળીમાં તો ચોક્કસ થોડા વાસણો ખરીદ કરવામાં આવતા હતા. એવી પ્રથા વર્ષો જુની છે. તેમાં પણ હવે ઘટાડો થઈ ચુક્યો છે. આમ તો દર વર્ષે સામી દિવાળીએ વાસણ બજાર ગરમ રહેતું હતું. તેના બદલે હાલ માંડ ૫૦ ટકા જ ધંધો થાય છે તેવું વાસણના વેપારીઓનું માનવું છે. મુળ મુદ્દે પ્રત્યેક ધંધાને જીએસટીના માર વાગતા મોટાભાગના વેપારીઓની સ્થિતિ કથળી ચુકી છે.

વિપક્ષો દ્વારા જીએસટી અને નોટબંધીનો ભારે વિરોધ હોવા છતાં સરકાર આ બાબતે એક હરફ ઉચ્ચારતી નથી અને નોટબંધી તથા જીએસટી યોગ્ય હોવાનું જણાવે છે.

નોટબંધી અને જીએસટીની અસર આગામી ચૂંટણીઓ પર પડ્યા વિના રહેશે નહિં. જીએસટીના વિરોધમાં અનેક વેપારી એસોસીએશન દ્વારા ધરણા કાર્યક્રમો અને દેખાવો કરવામાં આવ્યા છતાં તેનો કોઈ અર્થ સરી શક્યો નથી. જીએસટીનો કાયદો સમજતાં વેપારીઓને હજુ સમય લાગશે જીએસટીને લઈને ઘરવખરી (હોમ એમલાયન્સ) ના ભાવ પણ વધી જવા પામ્યા છે. ત્યારે લોકોની પણ ખરીદ શક્તિ ઘટી જવા પામી છે.

સુપર ડાન્સર ચેપ્ટર ૨ માં શિલ્પા શેટ્ટી કુન્દ્રાને એક સુપર હીરો મળ્યો

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલીવિઝનમાં સૌથી વધુ જોવાતો કિડ્સ ડાન્સ રિએલિટી શો 'સુપર ડાન્સર' પોતાના ચેપ્ટર ૨ સાથે પરત આવી ગયો છે અને આ પોતાના દર્શકો માટે વિઝ્યુઅલ ટ્રીટ લાવવા માટે તૈયાર છે. સુપર જજ શિલ્પા શેટ્ટી, ગીતા કપૂર અને અનુરાગ બસુ તથા સુપર હોસ્ટ ઋત્વિક ધંજાની અને પારિતોષ ત્રિપાઠી સાથે આ ડાન્સ શો મનોરંજનનો ધમાકો બનવા જઇ રહ્યો છે. ઓડિશનના શૂટિંગ દરમ્યાન પ્રતિસ્પર્ધી શગુને પોતાના પર્ફોર્મન્સથી જજો પર એવો જાદૂ કરી દીધો કે શિલ્પા શેટ્ટી કુન્દ્રા એ તેને ફ્લેક્સિબલ ગુરૂ અને યોગી ગુરૂનું નામ આપી દીધું. શગુનના પિતા શિલ્પાને પ્રભાવિત કરવા માટે શક્તિમાન બનીને આવ્યા હતા. આ શિલ્પા શેટ્ટી માટે યાદગાર ક્ષણ હતી. સેટથી જોડાયેલા સ્રોતે જણાવ્યું કે શિલ્પા શેટ્ટીને તરત યાદ આવ્યું કે ગઇ સિઝનમાં શગુનના પિતા સ્પાઇડરમેનની જેમ તૈયાર થઇને આવ્યા હતા. તેમને શક્તિમાનના રૂપમાં તૈયાર થયેલા જોઇને તે ખડખડાટ હંસી પડી અને તે તેમના ઉત્સાહથી ખૂબ જ પ્રભાવિત હતી.

નીતિન ગોસ્વામી વિન કુંદ્રા જેવા જીવનની આકાંક્ષા રાખે છે



બોલીવૂડની પાર્શ્વભૂમાં સ્થાપિત &TVની પ્રસ્તુતિ સિદ્ધિવિનાયક જોશીલી હેટ સ્ટોરી છે, જે બોલીવૂડના સ્ટાર અને જુનિયર ડાન્સર વચ્ચેના સંબંધો વિશે છે શોમાં નીતિન ગોસ્વામી વિનાયક કુંદ્રાની ભૂમિકા ભજવતો જોવા મળશે, જે વિખ્યાત ફિલ્મ નિર્માતાનો દીકરો છે, જ્યારે તેની સામે સિદ્ધિની ભૂમિકા નેહા સકસેના ભજવી રહી છે.વારતારેખા ટિન્સેલપુરી ફરતે વીંટળાયેલી હોઈ શોના નિર્માતાઓએ તેના સેટ્સ, પાત્રો, વારતા અને કોશ્ચ્યુમ્સમાં ફિલ્મી છાંટ આપવાનો પ્રયાસ કર્યો છે. શોનો મુખ્ય કલાકાર નીતિન ગોસ્વામી તેના પાત્ર વિનાયક (વિન કુંદ્રા) જે રહે છે તેવું જ ઘર અને બેડરૂમ હોય તેવી અપેક્ષા રાખે છે. તેને સુપરસ્ટાર જેવું જીવન જીવવાનું ગમી રહ્યું છે અને ભવિષ્યમાં નામધામ અને આલીશાન જિંદગી જીવવાની આકાંક્ષા રાખે છે. સિદ્ધિવિનાયક ટૂંક સમયમાં જ &TV પરથી પ્રસારિત થશે.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

કોલમનું ટાઇટલ :- શેરબજારમાં સ્ટોક સ્પેશિફિક મુવમેન્ટ વચ્ચે તેજી યથાવત...!!!

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય :૦૯.૧૦.૨૦૧૭ થી ૧૩.૧૦.૨૦૧૭

રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

„Œ ,ókn ¼khŒeÞ þhƒ òh{k «íÞk½kŒe ½xkzk ƒkË {sƒŒeÚke yk„¤ ðÄe hnÞ nŒ. heÍð ƒf ykV ErLzÞky Äkhýk {sƒ ÔÞksËh{k fkE s VhVkh ™Úke fÞk …ý y , y÷ykh{k yzÄk xfk™k ½xkzk fÞk A, s™kÚke ƒfk{k ÷efðezexe ðÄþ y™ …ey ,Þ ƒf þhk{k ,kókrnf ™ðe ÷ðk÷eÚke ŒS ykðe nŒe Œ{s ø÷kƒ÷ {kfx™k …krÍrxð ynðk÷k …kA¤ ç÷r[… þhk{k …ý ™ðe ÷ðk÷e™k xfk nŒk …rhýk{ þhƒ òh{k {sƒŒeÚke r™Vxe Vâ[h {níð™k ÷ð÷ 9960 …kELx Úke ðÄ yk„¤ ðÄe nŒe. ƒf, ykxk, yVy{ ,eS, Vk{k, heÞÕxe, ykE÷, „ , , …kðh fLÍÞ{h zÞhƒ÷ y™ fr…x÷ „zÍ ,fxh™k þhk{k ™ðe ¾heËeÚke {kfx™ ,…kx {éÞk nŒk. yk{ skðk sEy Œk yVykEykEy ƒ {rn™k{k 25,000 fhkz™ ™x ð[ký fÞ A. …ý ,k{ MÚkkr™f ™ký ,MÚkk y™ BÞåÞy÷ Vzk™e ™ðe ÷ðk÷e [k÷ hne A, ykÚke þhƒ òh xfe „Þ A. heÍð ƒf ykV ErLzÞky Äehký ™erŒ™e ,{eûkk hs fhe, s{k ÔÞks Ëh{k fkE VhVkh ™ fÞk, Œk ,k{ y , y÷ykh yzÄk xfk ½xkzÞk A. sk f ykhƒeykE™ ®[Œk ,Œkðe hne A f …xk÷-ze Í÷™k ¼kð Ÿ[k A, ykÚke {k½ðkhe Ëh ðÄþ. Œ{s Sze…e „kÚk™ y™{k™ …ý ½xkzÞ A. s™ …„÷ þhƒ òh{k ®[Œk ÔÞfŒ fhkŒe nŒe. fx÷kf ŒSðk¤k Ëhf Ÿ[{Úkk¤ n¤ðk ÚkE hÌkk A. yVykEykE ð„h þhƒ òh{k ŒS Úkðe {~f÷ A. {LÞVõ[®h„ PMI 51.20™k ÷ð÷ hÌkk ,ŒŒ ƒeò {rn™ {LÞVõ[®h„ yrõxrðxe …krÍrxð hne A. ,ÃxBƒh{k r™¬e {LÞVõ[®h„ PMI (…[®Í„ {™s, ELzõ,) 51.20™k ÷ð÷ s¤ðkE hÌkk A. yk„Mx{k …ý {LÞVõ[®h„ PMI yk MŒh hÌkk nŒk. ,ÃxBƒh{k ykWx…x y™ ™ðk rƒÍ™,™k „kÚk ™ƒ¤k hÌkk A. LÞ ykz, ,ƒ ELzõ, ,ÃxBƒh{k ½xe™ 51™k ÷ð÷ …nkåÞk A s yk„Mx{k 51.50™k MŒh nŒk. ™kxƒÄe y™ GS™k y{÷™ fkhý fLÍÞ{h M…®Lz„ y™ «kzõþ™ …h «rŒf¤ y ,h ÚkE A. s™ 2017{k …hk ÚkÞ÷k õðkxh{k yÚkŒŒºk™k ðrØ Ëh ºký ð»k™k ™e[k ÷ð÷ 5.70 xfk™k hÌkk nŒk.

વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

